ક્રમાંક/મઉમશબ/સંશોધન/૨૦૧૬/૫૮૧
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર-૧૦ બી, જુના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૧૦/૧૧/૨૦૧૬

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (તમામ)
ગુજરાત રાજ્ય

વિષય:- ફેબ્રુઆરી-૨૦૧૭ માં લેવાનાર ધોરણ-૯ ની પ્રખરતા શોધ કસોટી બાબત

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે તા.૧૦,૧૧ અને ૧૨ ફેબ્રુઆરી-૨૦૧૭ દરમ્યાન લેવાનાર ધોરણ-૯ ની પ્રખરતા શોધ કસોટીના સંગ્રહિત માહિતીપત્રકો અને માર્ગદર્શન પુસ્તિકા ફેબ્રુઆરી-૨૦૧૬ માં લેવાયેલ આ કસોટીમાં ભાગ લીધેલ શાળાઓને અત્રેથી રવાનગી કરવામાં આવેલ છે. આ કસોટીના સંગ્રહિત માહિતીપત્રકો ભરીને પરત કરવાની છેલ્લી તા. ૫/૧૧/૨૦૧૬ રાખવામાં આવેલ હતી પરંતુ આ સમયે શાળાઓમાં વેકેશન ચાલતુ હોય આ કસોટીમાં વધુને વધુ બાળકો ભાગ લે તે માટે સંગ્રહિત માહિતી પત્રકો ભરીને પરત કરવાની તારીખ લંબાવી તા. ૩૦/૧૧/૨૦૧૬ રાખવામાં આવેલ છે.

આપના જિલ્લાની તમામ શાળાઓને આ અંગે જાણ કરી આપને મોકલવામાં આવેલ માર્ગદર્શન પુસ્તિકા અને સંગ્રહિત માહિતીપત્રક આપવાના રહેશે. સંગ્રહિત માહિતીપત્રકો ખૂટે તો તેની ઝેરોક્ષ નકલ કરાવી શકાશે. જરૂરી 'ફી' નો ડીમાન્ડ ડ્રાફ્ટ "સચિવશ્રી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર" ના નામનો કઢાવી સંગ્રહિત માહિતીપત્રક સાથે રજીસ્ટર એ.ડી અથવા રૂબરૂ બોર્ડની કચેરી ગાંધીનગર ખાતે મોકલવાના રહેશે. સંગ્રહિત માહિતીપત્રકની નકલ બોર્ડ દ્વારા પ્રકાશિત માધ્યમિક શિક્ષણ અને પરીક્ષણ સપ્ટેમ્બર-૨૦૧૬માં આપેલ છે. તો તેમાંથી ઝેરોક્ષ કરાવીને સંગ્રહિત માહિતી પત્રકો ભરીને મોકલી શકશે.

આ કસોટીમાં વધુને વધુ બાળકો ભાગ લે તે માટે આપના દ્વારા જરૂરી વ્યવસ્થા કરવા વિનંતી છે.

(બી.એન.રાજગોર)
સંયુકત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.